# હવે, સટ્ટાબજારમાં બુકીઓએ સટ્ટો લેવાનુ બંધ કર્યુ

અમદાવાદ, તા. ૧૩ ક્રિકેટ સહિતની રમતો ઉપર સટ્ટો રમાડી રહેલા બુકીઓ ગુજરાતની ચૂંટણી ઉપર પણ કરોડો રૂપિયાનો સટ્ટો રમાડી રહ્યા હતા. મહિના પહેલા બુકીઓએ ભાજપને ૧૧૦ બેઠકો મળી રહી છે તેવા દાવા સાથે ભાજપના પચાસ પૈસા અને કોંગ્રેસનો દોઢ રૂપિયાના ભાવ આપી સટ્ટો લખવાની શરૂઆત કરી હતી. પણ ચૂંટણીના ઉમેદવારો જાહેર થયા બાદ બુકીઓ દ્વારા ભાજપને ૧૦૫ બેઠકો અને કોંગ્રેસને ૯૦ બેઠકો મળી રહી છે તેવા દાવો કરી ભાજપ અને કોંગ્રેસનો એક-એક રૂપિયો ભાવ કરી દીધો હતો.

પરંતુ છેલ્લા ત્રણ દિવસથી તમામ બુકીઓ ગુજરાતની ચૂંટણીમાં ભાજપ અથવા કોંગ્રેસ જીતશે તેની ઉપર દાવ લગાડવાનુ બંધ કરી દીધુ છે. એક બુકી સાથે થયેલી વાતચીત પ્રમાણે આંકડાઓ પ્રમાણે ભાજપની જીત નિશ્ચિત હોવાનુ હમણાં સુધી લાગી રહ્યુ હતુ, પરંતુ સામા પક્ષે કોંગ્રેસ અને હાર્દિકની સભામાં જે રીતે ભીડ વધવા લાગી અને નરેન્દ્ર મોદીની સભામાં ભીડ ઘટવા લાગી તેના કારણે ખરેખર પરિણામ શુ આવશે તે અસ્પષ્ટ છે. આ સંજોગોમાં જુના ભાવ પ્રમાણે બુકીઓ લખવાનુ ચાલુ રાખે તો મોટી ખોટ આવવાની સંભાવના છે. જેના કારણે બુકીઓ હવે આ સટ્ટો આગળ કરવા માગતા નથી.

બીજા તબક્કાના મતદાન પહેલા બુકીઓ બજારમાંથી ખસી જતા ભાજપના નેતાઓ પણ મુંઝવણમાં મુકાઈ ગયા છે. કારણ હમણા સુધી બુકી માટે ભાજપ હોટ ફેવરીટ હતુ, પણ બુકીના મનમાં ઉભી થયેલી અસ્પષ્ટતાએ ભાજપના નેતાઓને પણ ફરી ગણિત માંડવા મજબુર કર્યા છે.

# 'આ દેખે જરા કિસમેં કિતના હૈ દમ' : આજે ૯૩ બેઠકોનો જંગ, હાર્દિકના ભાવિનો પણ ફેસલો

## નરેન્દ્ર મોદીએ ૩૪ અને કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ ૩૦ રેલીને સંબોધી છે

ગાંધીનગર- ગુજરાત વિધાનસભાની ૯૩ બેઠકો માટે બીજા તબક્કાનું મતદાન ૧૪મીએ સવારે આઠ વાગ્યા થી સાંજના પાંચ વાગ્યા સુધી થવાનું છે ત્યારે રાજકીય નેતાઓમાં ઉત્તેજના વધી ચૂકી છે. આ ચૂંટણીમાં ભાજપની સરકારના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર નિતીન પટેલનું ભાવિ ઘડાશે, એ ઉપરાંત ભાજપની સામે બંડ પોકારનારા પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વિનર હાર્દિક પટેલે પ્રચાર દરમ્યાન કરેલી અપીલની કસોટી થશે.

બીજા તબક્કાની ચૂંટણીના મતદાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, પાર્ટીના સિનિયર નેતા લાલકૃષ્ણ અડવાણી, કેન્દ્રીય મંત્રી અરૂણ જેટલી અને સ્મૃતિ ઈરાની તેમનો મત ગુજરાતમાં આવીને આપશે, જ્યારે કોંગ્રેસના સિનિયર નેતા અહમદ પટેલ પણ તેમના વતનથી મતદાન કરશે.




બીજા તબક્કાની ૯૩ બેઠકો પૈકી અમદાવાદમાં ૨૧, બનાસકાંઠામાં ૯, પાટણમાં ૪, મહેસાણામાં ૭, સાબરકાંઠામાં ૪, અરવલ્લીમાં ૩, આણંદમાં ૭, ખેડામાં ૬, મહીસાગરમાં ૩, પંચમહાલમાં ૫, દાહોદમાં ૬, વડોદરામાં ૧૦ અને છોટાઉદેપુરમાં ૩ બેઠકો આવેલી છે. આ તબક્કામાં કુલ ૧૪ જિલ્લામાં મતદાન થશે.

આ ૯૩ બેઠકો ઉપર ૧૪ ડિસેમ્બરના રોજ કુલ ૨, ૨૧, ૬૪, ૬૪૪, મતદારો મતદાન કરશે. આ સિવાય પહેલા તબક્કાની ૮૯ બેઠકો પૈકી કેટલીક બેઠકોમાં આ દિવસે ફેરમતદાન કરવામાં આવી રહ્યું છે. જેમાં જામનગરના માનપર અને ગુંદડા બૂથ પર ફરીથી મતદાન થશે. ઈલેક્શન કમિશને ટેકનિકલ ખામી દર્શાવી ફરીથી મતદાનના આદેશ આપ્યા છે. તેમ જ નિઝરના ચોરવાડ બૂથ પર પણ ફેરમતદાન થશે, ૯મીએ પોલિંગ એજન્ટ મોક પોલ કરવાનું ભૂલી ગયાં હતાં. કુલ ૬ બૂથ પર ફેરમતદાન કરવાના આદેશ આપવામાં આવ્યાં છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં બન્ને તબક્કામાં મળીને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૪ અને કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ ૩૦ રેલીને સંબોધી છે. રાહુલે રાજ્યમાં ચૂંટણી પ્રચાર સાથે ૧૨ મંદિરોના દર્શન કર્યા છે. કોંગ્રેસના કોઈ રાષ્ટ્રીય નેતાએ આટલા બધાં મંદિરોમાં દર્શન કર્યા હોય તેવી આ પહેલી ઘટના છે.

મોદી અને રાહુલની ગુજરાતમાં ચૂંટણી મુલાકાતો ૨૫મી ઓક્ટોબરથી શરૂ થઈ હતી, જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ૨૧ નવેમ્બર પછી કુલ ૩૧ રેલી સંબોધી છે. તેમણે ૬૬૬૫ કિલોમીટરનો પ્રવાસ પણ કર્યો છે. ગુજરાતમાં પહેલા તબક્કાનું મતદાન ૯મી ડિસેમ્બરે પૂર્ણ થયું છે જ્યારે બીજા તબક્કાનું મતદાન ૧૪મી ડિસેમ્બરે થવાનું છે.

**મોદીની રેલી--**

૨૭ નવેમ્બર- ભૂજ, જસદણ, ધારી, ઓલપાડ
૨૯ નવેમ્બર- મોરબી, પ્રાચિ, પાલીતાણા, નવસારી
૩ ડિસેમ્બર- ભરૂચ, સુરેન્દ્રનગર, રાજકોટ
૪ ડિસેમ્બર- ધરમપુર, ભાવનગર, જૂનાગઢ, જામનગર
૬ ડિસેમ્બર- ધંધુકા, દાહોદ, નેત્રંગ
૭ ડિસેમ્બર- સુરત
૮ ડિસેમ્બર- વાવ, કલોલ, હિંમતનગર, નિકોલ
૯ ડિસેમ્બર- લુણાવાડા, બોડેલી, આણંદ, મહેસાણા
૧૦ ડિસેમ્બર- પાલનપુર, સાણંદ, કાલોલ, વડોદરા
૧૧ ડિસેમ્બર- પાટણ, નડિયાદ, અમદાવાદ

**અમિત શાહ--**

૨૧ નવેમ્બર- ભાવનગર શહેર
૨૬ નવેમ્બર- વાગરા
૧ ડિસેમ્બર- માંગરોલ, કોડનગર, સોમનાથ
૩ ડિસેમ્બર- માંડવી, મહુવા, રાપર, અંજાર
૪ ડિસેમ્બર- વ્યારા, બોડેલી, જલાલપોર, ગણદેવી
૬ ડિસેમ્બર- દ્વારકા, ખંભાળિયા
૭ ડિસેમ્બર- સંતરામપુર, ખેરાલુ, સિદ્ધપુર, દહેગામ
૮ ડિસેમ્બર- ડીસા, કાલોલ, મહુધા, ધોળકા
૯ ડિસેમ્બર- ઝાલોદ, ગરબાડા, મેહમદાવાદ, માતર
૧૧ ડિસેમ્બર- વાવ, આંકલાવ, બોરસદ,ડભોઈ

**રાહુલ ગાંધી--**

૨ નવેમ્બર- વલસાડ
૩ નવેમ્બર- વરાછા, સુરત
૧૧ નવેમ્બર- ખેડબ્રહ્મા
૧૨ નવેમ્બર, પાલનપુર, પાટણ
૧૩ નવેમ્બર- વિસનગર, પાટણ
૨૪ નવેમ્બર- અમદાવાદ
૨૫ નવેમ્બર- દાહોદ
૨૯ નવેમ્બર- અમદાવાદ
૩૦ નવેમ્બર- ભાવનગર
૫ ડિસેમ્બર- અંજાર, મોરબી, ધાંગધ્રા, વઢવાણ
૮ ડિસેમ્બર- જેતપુર, રાણેસર-અમદાવાદ, આણંદ
૯ ડિસેમ્બર- હારીજ, કનોદરા-બનાસકાંઠા, વડનગર, વિજાપુર
૧૦ ડિસેમ્બર- ખેડા, અરવલ્લી, દિયોદર, કલોલ
૧૧ ડિસેમ્બર- બનાસકાંઠા, વિરમગામ, સાવલી, ગાંધીનગર

**રાહુલ ગાંધીની મંદિર મુલાકાતો--**

૨ નવેમ્બર- ઉનાઈ માતા, નવસારી
૧૧ નવેમ્બર- અંબાજી મંદિર, બનાસકાંઠા
૧૨ નવેમ્બર- વાડીનાથ, બનાસકાંઠા
૧૩ નવેમ્બર- મેઘમાયા, શંખેશ્વર, જૈન ટેમ્પલ, બહુચરાજી
૨૯ નવેમ્બર- સોમનાથ
૩૦ નવેમ્બર- ગોપીનાથ મંદિર, બોટાદ
૮ ડિસેમ્બર- મોગલધામ, રાણેસર- અમદાવાદ
૧૦ ડિસેમ્બર- રણછોડજી-ખેડા, શામળાજી- અરવલ્લી
૧૨ ડિસેમ્બર- લોર્ડ જગન્નાથ મંદિર

## હિન્દુત્વની લડાઇ : રાહુલે રાજ્યમાં ચૂંટણી પ્રચાર સાથે ૧૨ મંદિરોના દર્શન કર્યા છે

## ૧૪ જિલ્લામાં ૨.૨૧ કરોડ મતદારો, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલની કસોટી

# ક્યાં-કોની સામે કોણ મેદાનમાં

ગુજરાતવિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ ચરણના મતદાનને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ આવતીકાલે ગુરૂવારે મતદાન થશે. મતદાનને લઈને તમામ જગ્યાએ અભૂતપૂર્વ ઉત્સાહ મતદારોમાં દેખાઈ રહ્યો છે. બીજા તબક્કામાં કોણ કોની સામે મેદાનમાં છે તે નીચે મુજબ છે.

| બેઠક | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|
| વિરમગામ | તેજશ્રીબેન પટેલ | લાખા ભરવાડ |
| સાણંદ | કનુભાઈ મકવાણા | પુષ્પાબેન ડાભી |
| ઘાટલોડિયા | ભુપેન્દ્ર પટેલ | શશીકાંત પટેલ |
| વેજલપુર | કિશોર ચૌહાણ | મિહિર શાહ |
| વટવા | પ્રદિપસિંહ જાડેજા | નીતિન પટેલ |
| એલિસબ્રિજ | રાકેશ શાહ | વિજય દવે |
| નારણપુરા | કૌશિક પટેલ | નીતિન પટેલ |
| નિકોલ | જગદીશ પંજાલ | ઈન્દ્રવિજયસિંહ |
| નરોડા | બલરામ થવાણી | ઓમપ્રકાશ તિવારી |
| ઠક્કરબાપાનગર | વલ્લભ કાકડિયા | બાબુ માંગુકિયા |
| બાપુનગર | જગરુપસિંહ રાજપૂત | હિંમતસિંહ પટેલ |
| અમરાઈવાડી | હસમુખ પટેલ | અરવિંદ ચૌહાણ |
| દરિયાપુર | ભરત બારોટ | ગ્યાસુદ્દીન શેખ |
| જમાલપુર-ખાડિયા | ભુષણભટ્ટ | ઈમરાનખેડાવાલા |
| મણિનગર | સુરેશ પટેલ | શ્વેતા બ્રહ્મભટ્ટ |
| દાણીલીમડા | જીતુ વાઘેલા | શૈલેષ પરમાર |
| સાબરમતી | અરવિંદ પટેલ | જીતુ પટેલ |
| અસારવા | પ્રદિપ પરમાર | કનુ વાઘેલા |
| દસક્રોઈ | બાબુભાઈ પટેલ | પંકજ પટેલ |
| ધોળકા | ભુપેન્દ્ર ચુડાસમા | અશ્વિન રાઠોડ |
| ધંધુકા | કાળુભાઈ ડાભી | રાજેશ કોળી |
| વાવ | શંકર ચૌધરી | ગેનીબેન ઠાકોર |
| થરાદ | પર્વતપટેલ | બીડી રાજપૂત |
| ધાનેરા | માવજી દેસાઈ | નાથાભાઈ પટેલ |
| દાતા | માલજીભાઈ | કાંતિ ખરાડી |
| વડગામ | વિજય ચક્રવર્તી | જીગ્નેશ મેવાણી |
| પાલનપુર | લાલજી પ્રજાપતિ | મહેશ પટેલ |

| બેઠક | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|
| ડિસા | શશીકાંત પંડ્યા | ગોવા રબારી |
| દિયોદર | કેશાજી ચૌહાણ | શિવભાઈ ભુરિયા |
| કાંકરેજ | કિર્તીસિંહ વાઘેલા | દિનેશ ઝાલેર |
| રાધનપુર | લવિંગજી ઠાકોર | અલ્પેશ ઠાકોર |
| ચાણસ્મા | દિલીપ ઠાકોર | રઘુ દેસાઈ |
| પાટણ | રણછોડ રબારી | કિરીટ પટેલ |
| સિદ્ધપુર | જયનારાયણ વ્યાસ | ચંદન ઠાકોર |
| ખેરાલુ | ભરતસિંહ ડાભી | રામજી ઠાકોર |
| ઊંઝા | નારણભાઈ પટેલ | આશાબેન પટેલ |
| વિસનગર | ઋષિકેશ પટેલ | મહેશ પટેલ |
| બેચરાજી | રજની પટેલ | ભરત ઠાકોર |
| કડી | કરશન સોલંકી | રમેશ ચાવડા |
| મહેસાણા | નીતિન પટેલ | જીવાભાઈ પટેલ |
| વિજાપુર | રમણ પટેલ | નાથાભાઈ પટેલ |
| હિંમતનગર | રાજેન્દ્ર ચાવડા | કમલેશ પટેલ |
| ઈડર | હિતેશ કનોડિયા | મણિલાલ વાઘેલા |
| ખેડબ્રહ્મા | રમીલાબેન બારા | અશ્વિન કોટવાલ |
| પ્રાંતિજ | ગજેન્દ્રસિંહ પરમાર | મહેન્દ્ર બારિયા |
| ભીલોડા | પીસી બરંડા | અનિલ જોષીયારા |
| મોડાસા | ભિખુભાઈ પરમાર | રાજેન્દ્રસિંહ ઠાકોર |
| બાયડ | અદેસિંહ ચૌહાણ | ધવલસિંહ ઝાલા |
| દહેગામ | બલરાજસિંહ ચૌહાણ | કામીનીબા રાઠોડ |
| ગાંધીનગર દ. | શંભુજી ઠાકોર | ગોવિંદ ઠાકોર |
| ગાંધીનગર ઉ. | અશોક પટેલ | સીજે ચાવડા |
| માણસા | અમિત ચૌધરી | સુરેશ પટેલ |
| કલોલ | અતુલ પટેલ | બળદેવજી ઠાકોર |
| ખંભાત | મયુર રાવલ | ખુશ્માન પટેલ |
| બોરસદ | રમણ સોલંકી | રાજેન્દ્રસિંહ પરમાર |
| આંકલાવ | હંસાકુંવરબા | અમિત ચાવડા |
| ઉમરેઠ | ગોવિંદ પરમાર | કપિલાબેન ચાવડા |
| આણંદ | યોગેશ પટેલ | કાંતિ સોઢા પરમાર |
| પેટલાદ | સીડી પટેલ | નિરંજન પટેલ |
| સોજીત્રા | વિપુલ પટેલ | પૂનમ પરમાર |

| બેઠક | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|
| માતર | કેસરીસિંહ સોલંકી | સંજય પટેલ |
| નડિયાદ | પંકજ દેસાઈ | જીતેન્દ્ર પટેલ |
| મહેમદાવાદ | અર્જુનસિંહ ચૌહાણ | ગૌત્તમ ચૌહાણ |
| મહુધા | ભરતસિંહ પરમાર | ઈન્દ્રજીત ઠાકોર |
| ઠાસરા | રામસિંહ પરમાર | કાંતિ પરમાર |
| કપડવંજ | કનુભાઈ ડાભી | કાળુભાઈ ડાભી |
| બાલાસિનોર | માનસિંહ ચૌહાણ | અજીત ચૌહાણ |
| લુણાવાડા | જુવાનસિંહ ચૌહાણ | પ્રણંજયદિત્ય ચૌહાણ |
| સંતરામપુર | કુબેરસિંહ ડિંડોર | ગેંદાલ ડામોર |
| સહરા | જેઠા ભરવાડ | દુષ્યંતસિંહ ચૌહાણ |
| મોરવાહડપ | વિક્રમસિંહ ડિંડોર | બીટીપી ઉમેદવાર |
| ગોધરા | સીકે રાઉલજી | રાજેન્દ્રસિંહ પટેલ |
| કાલોલ | સુમનબેન ચૌહાણ | પ્રદ્યુમનસિંહ પરમાર |
| હાલોલ | જયદ્રથ પરમાર | ઉદયસિંહ બારિયા |
| ફતેપુરા | રમેશ કટારા | રઘુ મચ્છર |
| ઝાલોદ | મહેશ ભુરિયા | ભાવેશ કટારા |
| લીમખેડા | શૈલેષ ભાભોર | મહેશ તડવી |
| દાહોદ | કનૈયાલાલ કિશોરી | વજેસિંહ પાંડા |
| ગરબાડા | મહેન્દ્ર ભાભોર | ચંદ્રિકાબેન બારિયા |
| દેવગઢ બારિયા | બચુ ખાબડ | ભરતસિંહ વખેડા |
| સાંવલી | કેતન ઈમાનદાર | સાગરપ્રકાશ બ્રહ્મભટ્ટ |
| વાઘોડિયા | મહેશ શ્રીવાસ્તવ | બીટીપી ઉમેદવાર |
| ડભોઈ | શૈલેષ મહેતા | સિદ્ધાર્થ પટેલ |
| વડોદરા શહેર | મનિષાબેન વકીલ | અનિલ પરમાર |
| સયાજીગંજ | જીતુ સુખડિયા | નરેન્દ્ર રાવત |
| અકોટા | સીમાબેન મોહિલ | રણજીત ચૌહાણ |
| રાવપુરા | રાજેન્દ્ર ત્રિવેદી | ચંદ્રકાંત શ્રીવાસ્તવ |
| માંજલપુર | યોગેશ પટેલ | ચિરાગ ઝવેરી |
| પાદરા | દિનેશ પટેલ | જશપાલસિંહ ઠાકોર |
| કરજણ | સતીષ પટેલ | અક્ષર પટેલ |
| છોટા ઉદેપુર | જસુ રાઠવા | મોહનસિંહ રાઠવા |
| જેતપુર | જ્યંતિ રાઠવા | સુખરામ રાઠવા |
| સંખેડા | અભેસિંહ તડવી | ધીરુભાઈ ભીલ |

# મહાનુભાવો ક્યાં મતદાન કરશે

| મહાનુભાવ | મતદાન મથક |
|---|---|
| નરેન્દ્રભાઈ મોદી, પ્રધાનમંત્રી | નિશાન હાઈસ્કૂલ, રાણીપ, અમદાવાદ |
| લાલકૃષ્ણ અડવાણી, પૂર્વ નાયબ વડાપ્રધાન | શાહપુર હિન્દી શાળા, ખાનપુર, અમદાવાદ |
| અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય અધ્યક્ષ, ભાજપ | નારણપુરા સબઝોનલ ઓફિસ, અમદાવાદ |
| અરૂણ જેટલી, નાણાંમંત્રી | ચીમનભાઈ ઈન્સ્ટિટ્યૂટ એસજી હાઈવે, અમદાવાદ |
| શ્રીમતી આનંદીબેન પટેલ, પૂર્વ મુખ્યમંત્રી | શીલજ પ્રાથમિક શાળા, શીલજ |
| નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી | સંસ્કારભારતી શાળા, કડી, જી, મહેસાણા |
| શંકરસિંહ વાઘેલા, પૂર્વ મુખ્યમંત્રી | પ્રાથમિક શાળા, વાસણ, જી. ગાંધીનગર |
| ભરતસિંહ સોલંકી, પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ | પ્રાથમિક શાળા, બોરસદ, જિલ્લો આણંદ |
| જશવંતસિંહ ભાભોર, કેન્દ્રિય મંત્રી | પ્રા. શાળા, દાહોદ, જિ. દાહોદ |
| નારણ રાઠવા, પૂર્વ રેલવે મંત્રી | પ્રા. શાળા, છોટાઉદેપુર, જિ. છોટાઉદેપુર |
| ડૉ. પ્રવિણ તોગડીયા | ભાવિન વિદ્યાલય, થલતેજ ગામ |
| અલ્પેશ ઠાકોર | પ્રાથમિક શાળા, વિરમગામ |
| જીજ્ઞેશ મેવાણી | માનલપુર, અમદાવાદ |
| હાર્દિક પટેલ | નીલકી ફાટકની બાજુમાં, વિરમગાન |
| હરીભાઈ ચૌધરી | જગાણા, તા. પાલનપુર |
| ભૂપેન્દ્રસિંહ ચુડાસમા | પ્રહલાદવાડી, ધોળકા |
| શંકરભાઈ ચૌધરી | પ્રાથમિક શાળા, રાધનપુર |
| રમણલાલ વોરા | કે. એન. વિદ્યામંદિર, ઈડર |
| કૌશિક પટેલ | યુટોપીયા સ્કુલ, સોલા બ્રિજ |
| નરહરી અમીન | વિજય કોલોની, નારણપુરા |
| સૌરભ પટેલ | સી.એન. વિદ્યાલય, આંબાવાડી |
| સિદ્ધાર્થ પટેલ | પ્રાથમિક શાળા, ડભોઈ |

# હિંમતનગરમાં આજે વિધાનસભાની ચારેય બેઠકનું મતદાન

હિંમતનગર, તા. ૧૩ સાબરકાંઠા જિલ્લાના મતદારો છેલ્લા ગણા સમયથી પોતાના મત વિસ્તારના પ્રતિનીધિને ચૂંટવા માટે રાહ જોઈ રહ્યા હતા તે મતદાન આજે તા. ૧૪ ડિસેમ્બરે સવારે ૮ના ટકોરે શરૂ થનાર છે. ત્યારે લોકશાહીના પર્વને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરવા માટે જિલ્લાના તમામ મતદાન કેન્દ્રો પર ૧૨ હજારથી વધુ કર્મચારીઓને તૈનાત કરી દેવાયા છે. જેના માટે ગમે તે પરિસ્થિતિને પહોંચી વળવા વહીવટીતંત્ર સજ્જ છે. ત્યારે વિધાનસભાની ચારેય બેઠકના મળી ૪૮ ઉમેદવારોનું રાજકીય ભાવિ ગુરૂવારે ઈવીએમમાં સીલ થશે.

આ અંગે જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપના જણાવ્યા મુજબ સાબરકાંઠાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ વિધાનસભા બેઠકની ચૂંટણી તા. ૧૪ ડીસેમ્બરના રોજ યોજાનર છે ત્યારે તેની પૂર્વતૈયારી રૂપે બુધવારે આ ચારેય બેઠકમાં આવેલા મતદાન મથકો પર મતદાનનુ સાહિત્ય, ઈવીએમ, વીવીપેટ સહિતની અન્ય સામગ્રીઓ સાથે ચૂંટણી કામગીરીમાં જોતરાયેલા સરકારી કર્મચારીઓ તથા પોલીસ જવાનોને વાહનો મારફતે મતદાન મથકે પહોંચાડી દેવામાં આવ્યા હતા.

બીજી તરફ શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થાય તથા વધુને વધુ લોકો મતદાન કરે તે માટે રાજકીય પક્ષો, સામાજીક સંસ્થાઓ અને ખુદ વહીવટીતંત્ર લોકોમાં જાગૃતિ લાવવા માટે છેલ્લી ઘડી સુધી પ્રયાસ કરી રહ્યુ છે. જે લોકશાહી તંત્ર માટે સારી બાબત છે. બીજી તરફ ચૂંટણી લડી રહેલા ઉમેદવારો અને તેમના ટેકેદારો માટે મતદાનની આગલી રાત કતલની રાત સમાન હોવાને કારણે તેઓ મતદારોને જાતભાતના પ્રલોભનો આપવા માટેના પ્રયાસ બુધવારથી જ શરૂ કરી દીધા છે. જેના કારણે આ વખતે સાબરકાંઠાની જિલ્લાની ચારેય બેઠકના પરિણામ આશ્ચર્યજનક આવે તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે. જ્યારે ભાજપ અને કોંગ્રેસ ચારે બેઠક પર વિજયી બનીશુ તેવા આશાવાદ સેવી રહ્યા છે.

## અગ્નિ પરીક્ષા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. જો કે ગ્રામીણ મતદારોથી તેમણે પ્રચાર અભિયાનનો પ્રારંભ કર્યો હતો. બન્ને ઉમેદવારોએ ડોર ટુ ડોર અભિયાનને પણ તેમના પ્રચારમાં મહત્વ આપ્યુ હતુ. તેમના કાર્યાલયો પર પ્રમાણ પર કાર્યકર્તાઓની ગૃપ બેઠકોનો સિલસિલો પણ એટલો જ ચાલ્યો છે.

બીજી તરફ એનસીપીના રોહિત નાયાણી અને ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના કરણસિંહ વાઘેલા પણ ધીમી અને મક્કમગતિએ તેમની પ્રચાર ઝુંબેશને છેલ્લા દિવસોમાં જે વેગવાન બનાવી તેનાથી રાજકીય અસમંજસતાની સ્થિતિ ઉભી થઈ જવા પામી છે. અપક્ષો પણ અહિ સારી એવી મહેનત કરી અને લડત આપવાનો પ્રયાસ કરી રહ્યા છે.

કોણ કોની વોટબેંકમાં ભાગ પડાવશે અને કોની જીતનુ સમીકરણ બદલશે તે અંગે રાજકીય વર્તુળો પણ ચોક્કસ બની શકતા નથી. ગાંધીનગર શહેરના કર્મચારી મતદારો જે છે તેમના પ્રશ્નો અંગે બધા જ ઉમેદવારો અલગ-અલગ વાતો સાથે તેમની વાત રજુ કરી રહ્યા છે. પરંતુ સૌથી મહત્વની વાત જે કર્મચારીઓની પ્લોટ મેળવવાની વાતને કોંગ્રેસના સી.જે. ચાવડાએ મહત્વ આપી કર્મચારીઓના દિલ જીતવાનો પ્રયાસ કર્યો છે. તો ભાજપના અશોક પટેલે શહેરના વિકાસને વધુ અગ્રતા આપી મતદારોને મનાવવાની ચાલ ચાલી છે. આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષે એકતા બનતાવવામાં સફળતા જરૂર મેળવી છે આમ છતાં ક્યાંક ક્યાંક અસંતુષ્ટોનો ડર પણ જોવા મળી રહ્યો છે.

ભાજપમાં પણ અસંતુષ્ટો ઉપરાંત નોટાનો ડર વધુ સતાવી રહ્યો હોવાનુ જોવા મળી રહ્યુ છે. શહેરમાં અને ગ્રામીણ વિસ્તારમાં કાર્યકર્તાઓને કોરાણે મુકાયાની ફરિયાદો પણ ખૂણે ખાંચરે સાંભળવા મળી રહી છે.

આ બેઠક પર વધુ ઉમેદવારો મેદાનમાં હોવાથી કોઈપણ ઉમેદવાર ચૂંટણીનો માહોલ ઉભો કરવામાં સફળ રહ્યો નથી એ વાત સ્પષ્ટ છે. અહિ સરકારી કર્મચારીઓની સંખ્યા પણ વધુ હોવાથી મતદારોનો સંપર્ક પણ સવારે અને સાંજે જ કરવાનુ ઉમેદવારોએ પસંદ કર્યુ છે. જો કે ગ્રામીણ વિસ્તારમાં આ વખતે કોંગ્રેસ માટે સારો આવકાર મળી રહ્યો છે તો ભાજપ પણ જિલ્લાના નબળા સંગઠનની ચાડી ખાતો કાતો વિકાસની વાતો કરી મતદારોને મનાવવાના ભરપૂર પ્રયાસો કરી રહેલ છે.

બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો અને અન્ય પક્ષોની આક્રમક વ્યુહરચનાએ ચૂંટણી જંગને રોચક બનાવ્યો છે. ગત ચૂંટણીમાં ભાજપના અશોક પટેલ પણ છેલ્લા બે રાઉન્ડમાં જ સરસાઈ પ્રાપ્ત કરી શક્યા હતા અને છેક સુધી રાજકીય ઉત્તેજનાઓ છવાયેલી રહી હતી તેમ આ વખતે પુનરાવર્તન થશે કે શરૂઆતથી જ સરસાઈ મેળવનાર છેક સુધી સરસાઈ જાળવી શકશે તે વાત તો ૧૮મીએ મતગણતરી વખતે જ ખબર પડશે.







